આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- વિરલ રાણા

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારખ:-27-03-2024 સમય:-સાજે ૬.૨૫ કલાકે

---

# લોકસભા ચૂંટણી

લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ઉમેદવારી પત્ર ભરવાનો આજે છેલ્લો દિવસ છે, જ્યારે બિહારમાં આવતીકાલ સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે. પહેલા તબક્કા માટે ભરાયેલા ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ 30મી માર્ચ છે. 19મી એપ્રિલે મતદાન થયા બાદ આગામી ચોથી જૂને મતગણતરી હાથ ધરાશે. ઉલ્લેખનીય છે કે, પહેલા તબક્કામાં 17 રાજ્યો અને ચાર કેન્દ્રશાસિત પ્રદેશોની લોકસભાની 102 બેઠકો માટે ચૂંટણી યોજાશે.

બીજા તબક્કા માટે 12 રાજ્યો અને 1 કેન્દ્રશાસિત પ્રદેશોની 89 લોકસભા બેઠકો માટે આવતીકાલે જાહેરનામું બહાર પાડવામાં આવશે. . ઉમેદવારો 4 એપ્રિલ સુધી ઉમેદવારીપત્રો ભરી શકશે, અને 26 એપ્રિલે મતદાન થશે.

RNU અમદાવાદ

---

# ચૂંટણીપંચની સૂચનાઓ

કેન્દ્રીય ચૂંટણીપંચે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ચૂંટણી અધિકારીઓને ચૂંટણી દરમિયાન મતદાન મથક પર મતદારો માટે લઘુતમ મુળભુત સુવિધાઓ સુનિશ્ચિત કરવા સૂચના આપી છે.

આ ઉનાળામાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ રહેવાની હવામાન ખાતાએ કરેલી આગાહીના પગલે ચૂંટણી પંચે તમામ મતદાન મથકોએ મતદારો માટે

ખાસ શેડ તેમજ પીવાના પાણીની સુવિધા સહિત પાયાની તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની સૂચના આપી છે. ચુંટણી પંચે મતદાન મથકે પાણી, ઓઆરએસ, છાયડા માટે સેડ ટેન્ટ, જરૂરી ફર્નીચર, શૌચાલય તથા તબીબી કીટ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા જણાવ્યું છે.

આ ઉપરાંત ચૂંટણી પંચે ગરમીના મોજાના તેમજ આકરા તાપના સમયગાળામાં દરેક નાગરિકે  શી તકેદારી રાખવી તેની રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ - NDMA દ્વારા અપાયેલી સૂચનાઓ દેશના બધા જ ચૂંટણી અધિકારીઓને મોકલી છે.

**RNU અમદાવાદ**

---

## ચૂંટણીપંચ – કચ્છ મતદાન મથકો

આગામી લોકસભાની સામાન્ય ચૂંટણીમાં ચૂંટણીમાં મહિલા મતદારોની સુવિધા તથા મહિલા મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ચૂંટણીપંચ દ્વારા જિલ્લામાં દરેક વિધાનસભા મતવિભાગ માટે સખી મતદાન મથકો ઉભા કરવામાં આવતા હોય છે. જે અંતર્ગત લોકસભા ચૂંટણીમાં કચ્છમાં ૪૨ મતદાન મથકો ફાળવવામાં આવ્યા છે. જ્યાં તમામ પોલીંગ સ્ટાફથી માંડીને સિકયોરીટી સ્ટાફ મહિલા રહીને પોતાની ફરજ બજાવશે. તે જ રીતે દિવ્યાંગોને પ્રોત્સાહિત કરવા ૬ દિવ્યાંગ મતદાન મથક કાર્યરત કરાશે. જયાં સંપૂર્ણ રીતે દિવ્યાંગ સ્ટાફ સંચાલિત રહેશે. દરેક વિધાનસભા મત વિભાગ માટે મોડલ મતદાન મથકો ઉભા કરવામાં આવશે. જેમાં તમામ પ્રકારની સુવિધા પુરી પાડવામાં આવશે.

**RNU અમદાવાદ**

---

## જિલ્લા તિજોરી કચેરી

નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ની સમાપ્તિને કારણે 30મી માર્ચે કચ્છ જિલ્લા તિજોરી કચેરી તેમજ તેને સંલગ્ન પેટા તિજોરી કચેરી સાંજે 6 વાગ્યા પછી પણ ખૂલી રહેશે. નાણાંકીય લેવડ દેવડ અને ચૂકવાણીઓમાં અગવડતા ના પડે તે માટે જિલ્લા કલેકટર દ્વારા આદેશ આપવામાં આવ્યો છે. જેમાં જિલ્લાની સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા અને બેંક ઓફ બરોડાની તમામ શાખામાં તમામ પ્રકારના વ્યવહાર માટે કામગીરી ચાલુ રાખવા સંબંધિત બ્રાન્ચ મેનેજરને જણાવવામાં આવ્યું છે.

**RNU અમદાવાદ**

---

## વિશ્વ રંગભૂમિ દિવસ

આજે વિશ્વ રંગભૂમિ દિવસ છે. રંગભૂમિ પર ભજવાતી ભવાઇ એ ગુજરાતનું પરંપરાગત લોકનાટ્ય છે. ગુજરાતી રંગભૂમિનું પ્રથમ નાટક 1853માં મુંબઈ માં ભજવાયું હતું.

દરમિયાન ભુજ ગણેશ કચ્છી નાટ્ય ગ્રુપ દ્વારા ભુજના ટાઉનહોલ ખાતે વિશ્વ રંગભૂમિ દિવસની ઉજવણી કરવામાં આવી હતીજેમાં નટરાજ ભગવાનનું .શાસ્ત્રોક્ત વિધિથી પૂજન કરી નટરાંજલી અર્પણ કરાઈ હતીતો માંડવીની વીઆરટીઆઈ સંસ્થા અને વિઝ્યુઅલ આર્ટસ દ્વારા આજે સાંજે વીઆરટીઆઈ પરિસર માંડવી ખાતે વિશ્વ રંગ ભૂમિ દિન નિમિત રંગમંચ પૂજન સાથે કલાકારોના સ્નેહમિલનનો કાર્યક્રમ યોજાયો છે .

વિરલ રાણા**(N.P)**

---

## સ્પેશિયલ ટ્રેન

ઉનાળુ વેકેશનમાં પ્રવાસીઓના ધરાસાને ધ્યાને લઈ પશ્ચિમ રેલવે દ્વારા કચ્છથી મુંબઈ સુધી વેકેશન સ્પેશીયલ ટ્રેનની જાહેરાત કરવામાં આવી છેજે ગાંધીધામ . સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન દર ગુરૂવારે .અને બાંદરા વચ્ચે આવતીકાલથી દોડશે

7 બાંદરાથી સાંજે.8 કલાકે ઉપડીને બીજા દિવસે સવારે 25.કલાકે ગાંધીધામ 40 .પહોચશે

વિરલ રાણા(**N.P)**

---

RNU BHUJ